હરિ નજર - ખરી નજર

મારા મોટીવેટર ટ્રેનરે બૂકમાં જે લખ્યું છે તેનું જ શરૂઆતથી અનુકરણ કરું છું.... કહ્યું છે : ઊઠો, જાગો.... એટલે ઊઠવાની તૈયારી માટે જ સૂઈ ગયો છું !

પ્રજ્ઞેશ મેસરિયાની ઇન્ટરનેશનલ ટ્રેનીંગ સેમિનાર માટે પસંદગી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તથા ગુજરાત જીત કુન ડો ઍસોસિએશનના જનરલ સેંક્રેટરી પ્રજ્ઞેશ મેસરિયાની ઇન્ટરનેશનલ ટ્રેનીંગ સેંમિનાર માટે પસંદગી કરવામાં આવી છે.

ગાંધીનગરના આ પ્રતિભાશાળી યુવાનને ઑલ ઇન્ડિયા જીત કુન ડો ઍસોસિએશન તરફથી આગામી તા. ૨૨-૨૩ સપ્ટેમ્બરના રોજ પેનાંગ સિટી, મલેશિયા ખાતે 'ઇન્ટરનેશનલ વીંગ ચુન ટ્રેનીંગ સેમિનાર' માટે પસંદ કરવામાં આવ્યા છે.

કરાટેના નિષ્ણાત અને શહેરનાં અનેક બાળકોના રમતગુરુ પ્રજ્ઞેશ મેસરિયા આજે સાંજે આ સેમિનાર માટે મલેશિયા જવા રવાના થયા છે.

ગાંધીનગર શહેરની અનેક ખેલપ્રેમી સંસ્થાઓ તથા વ્યક્તિઓ તરફથી ગાંધીનગરના આ ગૌરવને અભિનંદન સહ શુભકામનાઓ અર્પણ કરવામાં આવી છે.

સિદ્ધાર્થી લો કોલેજના વિદ્યાર્થી યુનિયનની વરણી

ગાંધીનગર, તા. ૧૭

સિદ્ધાર્થી લો કોલેજ ગાંધીનગર વિદ્યાર્થી યુનિયન ૨૦૧૨-૧૩ માટે જયદિપસિંહ એચ. વાઘેલા, જી.એસ. અને કુસુમબેન જે. પટેલ એલ.આર. તરીકે નિયુકત થયેલ છે. કોલેજના આચાર્યએ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

પ્રેરણા વિદ્યાલયમાં ઑઝોન દિવસની વકૃતત્વ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૭

વિશ્વ ઑઝોન દિવસે પ્રેરણા વિદ્યાલય ખાતે વકૃતત્વ સ્પર્ધાયોજવામાં આવી હતી. ૧૬મી સપ્ટેમ્બરે ઓઝોન દિવસના મહત્વ અને આપણી પૃથ્વીના વાતાવરણને ભાવી પેઢી માટે સુરક્ષિત રાખવા માટેની જાણકારી આપી હતી. વકૃતત્વ સ્પર્ધામાં પ્રથમ ગોંડલિયા આરતી, દ્વિતીય કાપડિયા નીધિ, તૃતીય મારૂ જૈરીન આવ્યા હતા. વિજેતાઓને ઈનામથી સન્માનવામાં આવ્યા હતા. ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, આચાર્યા સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યકક્ષાની જુડોમાં ચરાડા હાઈસ્કૂલ જીનલ સુથાર તૃતીય

ગાંધીનગર, તા. ૧૭

રાજય રમતગમત પરિષદ દ્વારા રાજયકક્ષાની શાળાકીય જુડો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કે.જી. હાઈસ્કુલ ચરાડાની વિદ્યાર્થીની સુથાર જીનલે ૩૬ કિ.ગ્રા. વજનમાં રાજયમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને જિલ્લાનું ગૌરવ વધારેલ છે. વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્ય બાબુભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં તાલીમાર્થી સંસદની રચના કરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલા સર્વ વિદ્યાલય કેમ્પસની એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં વર્ષભરના કાર્યભારને હળવો બનાવવાના હેતુસર તાલીમાર્થી સંસદની રચના કરવામાં આવી હતી.

તાલીમાર્થી સંસદમાં જી.એસ. તરીકે હર્ષદભાઈ ચૌધરી અને એલ.આર. તરીકે વૈભવી જાનીને ચૂંટી કાઢવામાં આવી હતી. સાંસ્કૃતિક મંત્રી, પ્રાર્થના મંત્રી, અહેવાલ મંત્રી, પ્રવાસ મંત્રી વગેરેની પણ નિમણૂંક એક વર્ષ માટે કરવામાં આવી હતી.

એમ બી પટેલ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ ખાતે બેન્ક ઓફ બરોડાના સહયોગથી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં બેન્ક ઓફ બરોડાના સૌજન્યથી હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વકતૃત્વ સ્પર્ધા, ચાર્ટ્સ મેકીંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ કાજલ વૈષ્ણવ, દ્વિતિય જિજ્ઞાસા અને તૃતિય નંબરે માધવી વિજેતા બની હતી. જ્યારે દેવીસિંહ અને રાજશ્રીએ આશ્વાસન ઇનામો પ્રાપ્ત કર્યાં હતાં.

ચાર્ટ્સ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અંશુ તિવારી, બીજા ક્રમે વિમલ કુમાર અને તૃતિય ક્રમે શ્રીપાલ રાજપુરોહિતે ઇનામ પ્રાપ્ત કર્યું હતું. મહેકુજા શેખ અને ગિરીશ જોષીએ આશ્વાસન ઇનામો પ્રાપ્ત કર્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે જર્મનીથી ગાંધીનગર અભ્યાસ માટે આવેલી વિદ્યાર્થીની કુ. સારા કે જેને હિન્દી ઠીકઠાક આવડતું નથી તેણે પણ હિન્દીમાં સુંદર ચાર્ટ્સ બનાવ્યો હતો, જેને ધ્યાનમાં લઈ તેને પણ આશ્વાસન ઇનામ આપવામાં આવ્યું હતું.

મહિલાઓ સામેના અત્યાચારો વિષયે ૧૯મીએ રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર

ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર મહિલાઓ સામે વધતા જતાં ઘરેલું સહિતના હિંસાના બનાવો માટે સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા વૈશ્વિક સ્તરે શરૂ થયેલ જાગૃતિ અભિયાનના ભાગરૂપે અખિલ હિન્દ મહિલા પરીષદ દ્વારા ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવા એમ ત્રણ રાજયોમાં પ્રતિનિધિઓ તેમજ ન્યાયધીશો, એન.જી.ઓ. તેમજ સરકારી એજન્સીના ઓફિસર્સની ઉપસ્થિતિમાં તા. ૧૯મી સપ્ટેમ્બરના રોજ 'મહિલાઓ સામેના અત્યાચારો અને તેના પરીમાણો' વિષય ઉપર એક દિવસીય રાષ્ટ્રીયસ્તરનો સેમીનાર આયોજીત કરવામાં આવ્યો છે.

સેમીનારના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી અને ઓલ ઈન્ડિયાસ્ટેન્ડીંગ કમીટીના મેમ્બર ડૉ. ભાવનાબેન જોશીપુરાએ આ માહિતી આપતાં જણાવ્યું હતું કે, મહિલાઓ સામેના ઘરગથ્થું સહિતના હિંસાના વધતા જતા બનાવો સામે સરકાર કક્ષાએથી અને સ્વૈચ્છીક સંગઠનો તેમજ ન્યાયતંત્ર સહિતના ઘણાંબધા પ્રયત્નો પછી વ્યાપક સ્તરે હજુ પણ જાગૃતિ લાવવા તેમજ સંયુકત રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલીએ કરેલા નિર્ણય અનુસાર એઆઈડબલ્યુસી પણ સંયુકત રાષ્ટ્રસંઘ સાથે કન્સલ્ટેટીવ સ્ટેટસ ધરાવે છે ત્યારે આ સેમીનાર મહત્વપૂર્ણ બની રહેશે.

સેમીનારના અનુસંધાનની અંદર રાજયભરના એન.જી.ઓ., ધારાવિદો અને સામાજીક ક્રિયાશીલો પાસેથી સૂચનો પણ મંગાવાયેલા છે અને આ સંદર્ભે જાગૃતિ પ્રેરક પોસ્ટર કોમ્પીટીશન અને સ્લોગન કોમ્પીટીશનનું પણ આયોજન કરવામાં આવેલું છે.

સેમીનારની થીમમાં મહિલા અત્યાચાર માટેના પરીબળો, રાજય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રયત્નો, તેસંદર્ભે સંશોધન ઉપરાંત સાયકોલોજીકલ રીલીજીયસ એપ્રોચ, મીડીયા દ્વારા જાગૃતિ, નિતિનિર્ધારણ, કાયદાની વર્તમાન વ્યવસ્થા અને સ્વૈચ્છિક સંગઠનાઓની ભૂમિકા જેવી સબ થીમ પણ રાખવામાં આવી છે.

અખિલ હિન્દ મહિલા પરીષદના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતી બીના જૈન, રાષ્ટ્રીય અગ્રણિ ઉષા નાયર તેમજ દિલ્હીથી વિશેષ રીતે આશા ગંભીર, કલ્યાણીરાજ, શ્રીમતી કુલજીત કૌર, લતાસિંહાની ઉપસ્થિતિમાં વિવિધ વિષયનાતજજ્ઞો જેમાં ડૉ. મીનાક્ષી માર્ટીન (ગોવા, સાયકોલોજીકલ એકસ્પર્ટ), ડૉ. આમ્રપાલી મર્ચન્ટ (સોશયોલોજી એકસ્પર્ટ), ડૉ. માલતી મહેતા (એજ્યુકેશન મીડીયા રીસર્ચ), ડૉ. જ્યોતીબેન થાનકી (રીજીલીયસ એપ્રોચ, જાણીતા તત્વચિંતક), ડૉ. રમેશભાઈ વાઘાણી (અધ્યક્ષ, સમાજકાર્ય ભવન), ડૉ. થોટે (નાગપુર), બિંદુબેન ગામીથ (મેમ્બર સેક્રેટરી મહિલા આયોગ) વગેરે તજજ્ઞો ઉપસ્થિત રહેનાર છે.

ગાંધીનગર ખાતે ગુજરાત એન્વાર્નમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (ગેમી) દ્વારા ઓઝોન-ડેની અનોખી ઉજવણી કરાઈ હતી. નગરની વિવિધ શાળાના બાળકો માટે ક્વીઝ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે ગેમીના ડાયરેક્ટ ડૉ. સંજય ત્યાગીએ પર્યાવરણની રક્ષા માટે વધુ વૃક્ષો વાવવા હિમાયત કરી હતી.

યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

હિન્દુ ધર્મ-૧



હિંદુ ધર્મ એક જ, એક માત્ર કર્તવ્ય સૂચવે છે: તે છે આ નાશવંત જગતમાં અવિનાશીના સાક્ષાત્કારની શોધ કરવી. આ અનુભૂતિ થઈ શકે અનેક માર્ગો દ્વારા લગ્ન કે કુવારાપણું, ઈષ્ટ કે અનિષ્ટ, ભણતર કે અભણપણું, આમાનું કોઈપણ જો ધ્યેય સુધી પહોંચાડતું હોય તે વ્યાજબી ઠરે છે. આ બાબતમાં હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મનો મુખ્ય ઉપદેશએ છે. કે બ્રાહ્મ જગતની નશ્વરતાનો સાક્ષાત્કાર કરવો અને વિશાળ દૃષ્ટિએ કહીએ તો કેવળ એક જ રીતે એ થઈ શકે. મહાભારતમાં પેલા તપસ્વી અને પ્રતિવ્રતા નારીની વાર્તા તમને યાદ છે? તેમાં એ તપસ્વીએ તપથી મેળવેલી સિદ્ધિ દ્વારા માથે ઝાડ પર બેસીને એના પર ચરકેલી બગલીને ક્રોધથી બાળીને ભસ્મ કરી નાખી હતી. એ તપસ્વી પછી ગામમાં ભિક્ષા માંગવા ગયો. ત્યાં એક પતિવ્રતા સ્ત્રી પોતાના બિમાર પતિની સેવા કરતી હતી. તેને અને પેલા ધર્મવ્યાધ નામના ખાટકીને બંને પોતાના કર્તવ્યપાલન દ્વારા જ્ઞાન થયું હતું. તેમણે એ તપસ્વીને સાચો ઉપદેશ આપ્યો હતો.

વેદાંત ફિલસૂફીના ઉચ્ચ આધ્યાત્મિક ઉક્યનો જે છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધખોળો તો જેના પ્રતિધ્વનિ જેવી લાગે. તેને હિંદુ ધર્મમાં સ્થાન છે .મૂર્તિ પૂજાના નિચલીકક્ષાના વિચારોને અને તેમાંથી જન્મ પામતી અનેક પૌરાણિક કથાઓને હિંદુ ધર્મમાં સ્થાન છે. બૌદ્ધ ધર્મીઓના નિરીશ્વરવાદને હિંદુ ધર્મમાં સ્થાન છે અને જૈન ધર્મના નાસ્તિકવાદને પણ હિન્દુધર્મમાં સ્થાન છે. એટલે હિંદુને મન વિવિધ ધર્મો એક જ લક્ષ્યને પહોંચવા માટે મથતાં, વિવિધ કક્ષા અને સંજોગોવાળા સ્ત્રી-પુરુષો આગળ વધવાના માર્ગો માત્ર છે. દરેક ધર્મ માનવની ભૌતિક કક્ષામાંથી ઈશ્વર સ્વરૂપમાં ઉત્ક્રાંતિ પામવા માટે છે. એક ઈશ્વર જએ બધા ધર્મોનું પ્રેરક બળ છે તો પછી, આટલા બધા વિરોધો શા માટે ? હિંદુ કહે છે કે એ સર્વ વિરોધો આભાસ માત્ર છે. આ બધા વિરોધો જુદા જુદા સંજોગો અને પ્રકૃતિઓને સાનુકૂળ થવા મથતા એક જ સત્યમાંથી ઉદ્‌ભવે છે.

હિંદુના અભિપ્રાય પ્રમાણે મનુષ્ય ભ્રાન્તિમાંથી સત્યને પહોંચતો નથી, સત્યમાંથી સત્યમાં જાય છે. નીચલી કક્ષાના સત્યમાંથી ઉચ્ચકક્ષાના સત્યે તે પહોંચે છે. એના મત પ્રમાણે બધા ધર્મો, નીચામાં નીચી જડ વસ્તુની ઉપાસનાથી માંડીને ઊંચામાં ઊંચા અદ્વૈત સુધી પહોંચતા બધા ધર્મો, માનવ-આત્માના અનંતને પામવાના અનેક પ્રયાસો છે એ દરેક તેના જન્મ અને તેની પરિસ્થિતિને મર્યાદિત છે. એ દરેક એની પ્રગતિનો એક માર્ગસૂચત સ્તંભ બને છે. દરેક આત્મા વધુ અને વધુ ઊંચે ઊડતા, વધુ અને વધુ શક્તિ મેળવતો અને અંતે પ્રતાપી સૂર્ય સમીપ પહોંચવા માટે આતુર રહેતો નવજુવાન ગરુડ પક્ષી જેવો છે.

આપણા વિવિધ સંપ્રદાયોમાં ભેદ અને વાદવિવાદો રહેલા હોવા છતાં એમાં પણ એકતાની કેટલીક ભૂમિકાઓ રહેલી છે. પ્રથમ તો તેમાંના લગભગ બધા ઈશ્વર, આત્મા અને જગત એ ત્રણ તત્વોના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. ઈશ્વર એટલે જે આખા જગતની અનાદિ કાળથી સૃષ્ટિ, સ્થિતિને પ્રલય કર્યા કરે છે તે. સાંખ્યો સિવાય સર્વ આમાં માને છે ત્યાર પછી આવે છે. આત્માનો અને જીવના પુનઃજન્મનો સિદ્ધાંત એ એમ કહે છે કે અસંખ્ય જીવો પોતપોતાના કર્મો પ્રમાણે વારંવાર શરીર પછી શરીર ધારણ કરીને જન્મમરણના ચક્કરમાં ભમ્યા કરે. આને સંસારવાદ અથવા પુર્નજન્મનો સિદ્ધાંત કહે છે. ત્યાર પછઈ અનાદિ, અનંત એવું આ જગત આવે છે. જો કે, કેટલાક આ ત્રણને એકના જ ત્રણ જુદા જુદા પ્રકારો કહે છે. અને બીજા કેટલાક આ ત્રણેને સ્પષ્ટ રીતે જુદાજુદા જણાવે છે તો વળી અન્ય વિવિધ પ્રકારો કહે છે, છતાં આ ત્રણેને માનવામાં એ બધા એકમત છે.

આપણો ધર્મ બીજા પર વિજય મેળવવા ઈચ્છતો નથી. એ કારણસર તેની નિંદા તમે રોજ રોજ સાંભળી રહ્યા છો અને ક્યારેક તો મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે સારા સમજદાર માણસો પણ એમ જ બોલે છે. પરંતુ મારે મન આપણો ધર્મ બીજા કોઈ પણ ધર્મ કરતાં વધુ સાચો છે. તેની સાબિતી એ છે કે તેણે કદી કોઈને જીત્યા નથી, કદી કોઈનું લોહી રેડ્યું નથી. તેના મુખમાંથી સર્વદા શાંતિ, આર્શીવાદ તથા પ્રેમ અને સહાનુભૂતિની વાણી સૌની ઉપર વરસતા આવ્યા છે.

અહીં કેવળ ભારતમાં જ સહિષ્ણુતાનો ઉપદેશ સહુ પ્રથમ પ્રસારીત થયો હતો, અને અહીં કેવળ ભારતમાં જ સહિષ્ણુતા અને સહાનુભૂતિ વ્યાવહારિક બને છે. બીજા દરેક દેશોમાં એ માત્ર સિદ્ધાંતના શબ્દો રહ્યા છે. હિંદુઓ મુસલમાનો માટે મસ્જિદ બાંધે તથા ખ્રિસ્તીઓ માટે ચર્ચ બાંધે એ કેવળ અહીં જ બની શકે છે. (ક્રમશઃ)

રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગર સૂરીશ્વરજીની અમૃતવાણી

પરિવારને પ્રેમનું મંદિર બનાવો, જીવ માત્ર મારો પરિવાર છે એવું વિચારો

એક માતા પોતાના ચાર-પાંચ બાળકોનું ભરણ પોષણ કરી શકે છે પણ એ સંતાનો માતા-પિતાને સાચવી નથી શકતા એ આજની નરી વાસ્તવિકતા છે

લગ્ન કરતાં પહેલાં બહુ સુંદર કલ્પનાઓ તમે કરી હોય છે પણ એ મુજબ બધું બનતું હોતું નથી એ વાસ્તવિકતા છે

અનંત ઉપકારી જિનેશ્વર પરમાત્માએ ધર્મ પ્રવચન દ્વારા સુષુપ્ત ચેતનાને જાગૃત કરી છે. એમની વાણીના એક એક શબ્દમાં પ્રેમ જોવા મળે છે. દરેક શબ્દમાં જીવ માત્ર પ્રત્યે કરૂણા નજર આવે છે. એમાં પ્રાણી માત્રનું વાત્સલ્ય સમાયેલું છે. વિશ્વનું જન્મસ્થાન અને ધર્મનું આધાર તત્વ પરમાત્માની દૃષ્ટિએ પ્રેમનું પરમતત્વ છે. પ્રતિક્રમણ, સામાયિક, દેવ દર્શન, પ્રાર્થના ગમે તે અનુષ્ઠાન હોય પણ એમાં પ્રેમ તત્વ સમાયેલું છે. જ્યા પ્રેમ હશે ત્યાં પરમાત્મા શુભ ભાવોનું આગમન સહજમાં મળશે. આચાર્ય હરિભદ્ર સૂરીજીએ પણ પ્રેમને બહુ મહત્વ આપેલ છે. જીવ માત્ર સુધી પ્રેમ વ્યાપક બનવો જોઈએ. સંસારના બધી જીવો પ્રત્યે પ્રેમ વ્યાપક બની જાય તો વગર માંગ્યે મોક્ષ મળી જાય. પરંતુ પ્રેમની પૂર્ણતા આવે ત્યારે આમ શક્ય બનશે. અઢી અક્ષરનો આ પ્રેમ શબ્દ જીવનમાં ઉતારવા જેવો છે. તમારી દરેક ક્રિયાથી લોકોને પ્રેરણા મળે એવા તમારા વાણી વર્તન અને વ્યવહાર હોવા જોઈએ. આની શરૂઆત તમારા જીવનથી કરવાનું નક્કી કરો. સંસારમાં જે સ્થાન પાણીનું છે એવું જીવનમાં પ્રેમનું સ્થાન છે. ધર્મનું મૃત્યુ થશે તો જીવનમાં પ્રેમ નહીં વિકસી શકે. દરરોજ પ્રતિક્રમ, પૂજા અને અન્ય ધાર્મિક ક્રિયાઓ કર્યા પછી જીવનમાં પરિવર્તન આવવું જોઈએ. દરેક આત્મામાં પરમાત્મા નજર આવવા જોઈએ. જયાં જયાં આત્મા છે ત્યાં પરમાત્મા મોજુદ છે. કર્મના આવરણને લીધે એ છૂપાયેલો છે. પરંતુ અંદર તો પરમાત્મા હયાત છે. આવું વિચારશો તો તમારા જીવનમાં બહુ પરિવર્તન આવી જશે. આજે તો તમારી બધી વ્યાખ્યા પરિવાર પૂરતી સિમિત થઈ ગઈ છે, એને બદલે જીવ માત્ર મારો પરિવાર છે એવું વિચારો, દરેક જીવ એ પરમાત્માનો પરિવાર છે એમ વિચારો. સામાયિકમાં આ રીતે વિચારશો તો અડતાળીસ મીનીટનું એક સામાયિક પણ તેમને ઘણું ફળ આપશે અને મોક્ષમાં લઈ જઈ શકશે. તમારી ભાવનામાં શુભ વિચારોનું તોફાન લાવો અને પરમાત્માનો ભક્તિભાવ લાવો. આજે પરિવાર તૂટી રહ્યો છે. પરમાર્થની ભાવના નષ્ટ થઈ રહી છે. પરિવારમાં સૌથી પહેલા માતા આવે છે. ઘરને કેવું બનાવવું અને બધાની સાથે કેવો વ્યવહાર હોવો જોઈએ એ બધું માતા સારી રીતે જાણતી હોય છે. એવી એ માતા પ્રત્યે આપણું કર્તવ્ય બને છે. એ માતાએ સંસ્કાર આપ્યા છે, ભવિષ્યમાં સંયમભાવ પેદા કરવાના સંસ્કાર પણ આપ્યા છે, નવ નવ માસ સુધી એણે પેટમાં આપણને જીવતદાન આપ્યું છે, ત્યા એણે ઘણી વેદના સહન કરી છે એવી એ માતાના આર્શીવાદથી વંચિત રહી જાવ એવું ન બનવું જોઈએ. જે મા-બાપનો નથી થઈ શકતો એ મહાવીરનો પણ નથી થઈ શકતો. તમારા માતા-પિતાને બંને સમય પગે લાગો, નમસ્કાર કરો. એમની સાથે તમે સારો વ્યવહાર નહીં રાખો તો તમારા સંતાનો પણ તમારી સાથે એવું જ કરશે. ભૌતિકવાદનું આક્રમણ બહુ ભયંકર છે. ધર્મના સંસ્કાર નહીં હોય તો પરિવારમાં કલેશ અને કશાયો વધશે. મા પ્રત્યે મમતા હોવી જોઈએ. વૃદ્ધાશ્રમ એ આજનું કલંક છે. એક માતા પોતાના ચાર-પાંચ બાળકોનું ભરણ પોષણ કરી શકે છે. પણ એ સંતાનો માતા-પિતાને સાચવી નથી શકતા એ આજની નરી વાસ્તવિકતા છે. માતા પિતાના અંતિમ સમયે તેમને સમાધિ આપવા તમે હાજર રહો. એમની સેવાનો અવસર ચૂકવા જેવો નથી. તમારા જન્મ પાછળ માતા પિતાનો બહુ ઉપકાર છે. માતા પિતાની સેવાથી જ ધર્મની શરૂઆત થાય છે. ધર્મના સંસ્કાર આપવાથી ઘર પવિત્ર બને છે અને ઘરમાં પ્રેમનું વાતાવરણ બને છે. તમારી પાસે વિચારોનો વૈભવ હોવો જોઈએ. એવું થશે તો જીવન આનંદમય બની જશે. ધર્મના અભાવને કારણે પરિવારમાં કલેશ પ્રારંભ થાય છે. લગ્ન કરતાં પહેલાં બહુ સુંદર કલ્પનાઓ તમે કરી હોય છે. પણ એ મુજબ બધું બનતું હોતું નથી એ વાસ્તવિકતા છે. પહેલાં પતિ બોલે છે અને પત્ની સાંભળ્યા કરે છે. એક વર્ષ પછી પત્ની બોલે છે અને પતિ સાંભળે છે. થોડા વખત પછી પતિ-પત્ની બંને બોલે છે અને પાડોશીઓ સાંભળે છે. આ બધું ધર્મના સંસ્કારના અભાવને લીધે થાય છે. રામાયણને બરોબર સમજો તો એ વૈરાગ્યનું ગોડાઉન છે .રામજી જ્યારે ૧૪ વર્ષના વનવાસ વેઠીને પરત આવે છે ત્યારે અયોધ્યા આવવાને થોડીવાર હોય છે ત્યારે પહેલાં પોતાના પ્રતિનિધિને રાજા ભરત પાસે મોકલે છે કે જેણે ચૌદ વર્ષ દરમ્યાન રામજીની ગાદી સંભાળી હોય છે. પેલો દૂત ભરતને રામજીના આગમનના સમાચાર આપે છે ત્યાં જ ભરતની આંખોમાં ભાઈના વિયોગને કારણે પાણી આવી જાય છે અને ભાઈ રામચંદ્રજીને ખૂબ યાદ કરે છે અને આગમનની રાહ જુએ છે એમ દૂતને કહે છે. કેવો ઉત્તમ ભાતૃભાવ? સમય તમારા હાથમાંથી વહી રહ્યો છે. પણ હું ક્યાં જઈશ એની ચિંતા હોય એમ દેખાતું નથી. પહેલા તમારી જાતને સુધારો. અંદરથી ધર્મના સંસ્કાર જગાડો અને પરિવારમાં પણ તે ફેલાવો તો તમારૂં ઘર પણ પ્રેમનું મંદિર બની જશે.

વિષય અને વાસનામાં ડૂબેલા માણસ પોતાનું ભવિષ્ય જોઈ શકતો નથી. તેથી હવે જાગૃતિ લાવો અને વિચારો કે અહીંથી મરીને ક્યાં જવું છે ? તમને જોઈને કોઈકને પ્રેરણા મળે એવું તમારું જીવન ગોઠવો. તમારી પત્નીને ધર્મ લક્ષ્મી બનાવો. એવું થશે તો પરિવાર નંદનવન બની જશે. માયા અને કપટના સંસ્કાર તમારો આત્મા તો ઠીક પણ તમારો વ્યવહાર પણ ખરાબ કરશે. આજે દસમી અને અંતિમ શિબિર છે. કશું નહીં તો એક માત્ર માતાપિતાને બંને સમય નમસ્કાર કરો એવો નિયમ લેવા જેવો છે. એવું ન કરો તો એમનો વિવેક કરો. એમની આજ્ઞાનું પાલન કરો. તમારા આત્માના સંસ્કાર તમને જીવનના અંતિમ સમયે સમાધિ આપવામાં બહુ મદદરૂપ થશે. આજે તો તમને બાળકો માટે સમય નથી. નોકરોને ભરોસે બાળકોને મૂકી દીધા છે. પછી સંસ્કાર ક્યાંથી આવે ?

સંયુક્ત કુટુંબમાં પહેલાના કાળમાં દાદીમા બાળકોને ધર્મની વાર્તાઓ સંભળાવતા હતા. એ રીતે ધર્મના સંસ્કારનું સિંચન કરતા હતા. પ્રેમનું તત્ત્વ બહુ મૂલ્યવાન છે. કોઈ આત્મા માટે દુર્ભાવ ન કરો. તમારો સ્વાર્થ ગૌણ કરીને પણ તમારા ઘરમાં પ્રેમ ટકી રહે એવું કરજો. છેવટે એનું પરિણામ સારૂં જ આવશે.